<u>- : : સ્પે. દિ. મુ. નં.૭/૨૦૨૫ના કામે આંક ૫ લગત હુકમ : : -</u>

(૧) આ કામના વાદીઓએ પ્રતિવાદી વિરૂધ્ધ ખેતીની જમીનના એડવર્સ પઝેશનથી માલિક બનેલ હોવા અંગેના વિજ્ઞાપન તથા જમીનના પઝેશનના રક્ષણ અંગેની કાયમી તાકીદ મેળવવા અંગેનો દાવો દાખલ કરી, સી. પી. સી. કલમ ૩૯ રૂલ (૧) તથા (૨) મુબજ પ્રતિવાદી સામે દાવો ચાલતા દરમ્યાન કામચલાઉ મનાઈ હુકમ મેળવવાની હાલની અરજી દાખલ કરી, તેઓ તેમની અરજીની વિગતે જણાવે છે કે, વાદીઓ વિસાવદર તાલુકાના માંડાવડ ગામે ખેતીની જમીનો ધરાવે છે અને તેમાં ખેતી કરે છે, વાદીઓના પિતાનું નામ માધાભાઈ રામભાઈ રીબડીયા હતું, તેઓના પિતાના ભાઈનું નામ બચુભાઈ રામભાઈ રીબડીયા હતું, તેઓ વિસાવદર તાલુકાના માંડાવડ ગામમાં સર્વે નંબર ૮૫ તથા સર્વે નંબર ૮૭ અને સર્વે નંબર ૮૬ વગેરે સર્વે નંબરોની ખેતીની જમીનો ધરાવતા હતા, જે અંગેની નોંધ માંડાવડ ગામના હકકપત્રકમાં દાખલ થયેલ છે, વાદીના પિતા માધાભાઈ રામભાઈ અને બચુભાઈ રામભાઈ ઉપરોકત સર્વે નંબરોની ખેતીની જમીનો અંગેનું સંયુકત ખેડ ખાતું ધરાવતા હતા, તેમની વચ્ચે ઉપરોકત ખેતીની જમીનોના ઘરમેળે ભાઈઓ ભાગ થતા, વાદીઓના પિતા માધાભાઈ રામભાઈને ખાતે સર્વે નંબર ૮૫ ની એકર ૧૦-૦૬ ગુંઠા ખેતીની જમીન અને બચુભાઈ રામભાઈના ખાતે સર્વે નંબર ૮૭ પૈકી એકર ૪-

૦૦ ગુંઠા તથા સર્વે નંબર ૮૭ પૈકી એકર ૫–૨૬ ગુંઠા અને સર્વે નંબર ૮૬ ની એકર ૨–૨૯ ગુંઠા મળી, કુલ એકર ૨–૧૫ ગુંઠા ખેતીની જમીન આવેલ હોવા બાબતની નોંધ રેવન્યુ રેકર્ડમાં દાખલ થયેલ હતી, તેમની વચ્ચે ઉપરોકત નોંધ નંબર ૭૯૭ મુજબ થયેલ જમીનની વહેંચણી તા. ૧૦/૧૦/૧૯૯૨ ના રોજ કે તે અરસામાં થયેલ છે, તે રીતે ખેતીની જમીનની રેવન્યુ રેકર્ડમાં નોંધ દાખલ થયેલ હતી. સને ૧૯૯૨ માં એટલે કે, આશરે તેત્રીસ વર્ષ પહેલાં ઘરમેળે ખેતીની જમીનના કબજા તેઓના પિતા માધાભાઈ રામભાઈ અને બચુભાઈ રામભાઈએ સંભાળી લીધેલ હતા, ત્યારથી આજ તારીખ સુધી ઉપરોકત વિગતે ખેતીની જમીનના કબજા અલગ થયેલ હતા, તે મુજબ આજની તારીખ સુધી જમીનના કબજા રહેલ છે. એટલે કે, વાદીઓના પિતા માધાભાઈ રામભાઈના કબજામાં આવેલ ખેતીની જમીનમાં તેઓના પિતાશ્રી માધાભાઈ રામભાઈ ખેતી કરતા હતા અને ખેતીની જમીનનો કબજો ભોગવટો ધરાવતા હતા, જે કબજા મુજબની જમીનની ચતુ: દિશામાં પૂર્વમાં:– લાગુ જુના સર્વે નંબર–૮૬ તથા લાગુ જુના સર્વે નંબર ૮૭ પૈકીની પ્રતિવાદીના કબજાની ખેતીની જમીન, પશ્ચિમમાં:– લાગુ મારગ (માંડાવડ ગામથી લેરિયા ગામ તરફ જવાનો જાહેર રસ્તો), ઉત્તરમાં:– લાગુ રેલવે લાઈન (વિસાવદર થી જુનાગઢની રેલવે લાઈન) તથા દક્ષિણમાં:– વિસાવદર થી જુનાગઢ તરફ જવાનો મુખ્ય જાહેર રસ્તો.

(૧.૧) વધુમાં જણાવેલ છે કે, ઉપરોકત ચતુ: દિશાવાળી ખેતીની જમીન વાદીઓના પિતાશ્રીના સમયથી એટલે કે, છેલ્લા તેત્રીસ વર્ષ જેટલા લાંબા સમયથી વાદીઓના સતત નિરંતર વિના રોક ટોક કોઈપણ અવરોધ કે વિવાદ વિના અને શાંત રીતે કબજામાં છે, તેઓના પિતાશ્રીના સમયથી તેઓ આ જમીનનો કબજો ભોગવટો ધરાવે છે અને તેમાં ખેતી કરે છે, તે રીતે આ જમીનનો તેઓનો બાર વર્ષ કરતા લાંબા સમયથી એટલે કે છેલ્લા તેત્રીસ વર્ષથી લાંબા સમયનો કાયદેસરનો કબજો રહેલો છે, તેઓના કબજા ભોગવટાની આ ખેતીની જમીનમાં વાદીઓની જુના સર્વે નંબર ૮૫ ની (નવા સ.નં.– ૨૧૯ તથા સ.નં. ૨૨૦ ની ખેતીની જમીન ઉપરાંત પ્રતિવાદીની જુના (સર્વે નં ૮૭ પૈકીની જમીનનો સમાવેશ થાય છે, તેઓના પિતાશ્રી માધાભાઈ રામભાઈએ રેવન્યુ રેકર્ડમાં તેમના નામે ચાલતી સર્વે નંબર ૮૫ ની હે. આરે. ૪–૧૦–૭૬ ચો.મી. ના ક્ષેત્રફળની ખેતીની જમીનની તેમની હૈયાતીમાં ઘર સમજૂતીથી વહેંચણી કરતા, વાદી નં. ૧, ધીરુભાઈ માધાભાઈ રીબડીયાના હિસ્સામાં પૂર્વ બાજુની સર્વે નંબર ૮૫ પૈકીની હે–આરે ૨–૦૫–૩૮ ચો.મી. ના ક્ષેત્રફળની ખેતીની જમીન રેવન્યુ રેકર્ડમાં દાખલ થયેલ છે, વાદી નં. ૨, કાળુભાઈ માધાભાઈ રીબડીયાના હિસ્સામાં પશ્ચિમ બાજુની સર્વે નંબર ૮૫ પૈકીની હે. આરે. ૨–૦૫–૩૮ ચો.મી. ના ક્ષેત્રફળની ખેતીની જમીન રેવન્યુ રેકર્ડમાં દાખલ થયેલ છે, જે અંગેની નોંધ માંડાવડ ગામના

હકપત્રકની નોંધ નંબર ૧૩૩૯ થી દાખલ થયેલ છે, વાદી નં. ૧ ના નામે અને ખાતે માંડાવડ ગામના સર્વે નંબર– ૮૫/પૈકી ૨ ની હે. આરે. ૨–૦૫–૩૮ ચો.મી. ના ક્ષેત્રફળની અને વાદી નં. ૧ ના નામે અને ખાતે સર્વે નંબર ૮૫/પૈકી ૧ ની હે. આરે. ૨–૦૫–૩૮ ચો.મી. ના ક્ષેત્રફળની ખેતીની જમીન રેવન્યુ રેકર્ડમાં દાખલ થયેલ હતી. સરકારશ્રી દ્વારા માંડાવડ ગામની ખેતીની જમીનોનું રી–સર્વે થતા, રેવન્યુ રેકર્ડમાં જુના સર્વે નંબર બદલીને નવા સર્વે નંબર આપવામાં આવેલ છે, તે રીતે રી–સર્વે થતાં, વાદી નં. ૧, ધીરુભાઈ માધાભાઈ રીબડીયાના નામે ચાલતી જુના સર્વે નંબર ૮૫/પૈકી ૨ ની ખેતીની જમીનના નવા સર્વે નંબર ૨૧૯ આપવામાં આવેલ છે અને વાદી નં. ૨, કાળુભાઈ માધાભાઈ રીબડીયાના નામે ચાલતી જુના સર્વે નંબર ૮૫/પૈકી ૧ ની ખેતીની જમીનના નવા સર્વે નંબર ૨૨૦ આપવામાં આવેલ છે, તે રીતે માંડાવડ ગામના ખાતા નંબર ૩૭૪ થી વાદી નં.૧, ધીરુભાઈ માધાભાઈ રીબડીયાના નામે નવા સર્વે નંબર ૨૧૯ ની હે. આરે. ૨–૦૫–૩૮ ચો.મી.ના ક્ષેત્રફળની ખેતીની જમીન અને વાદી નં. ૨, કાળુભાઈ માધાભાઈ રીબડીયાના નામે ચાલતી જુના સર્વે નંબર ૮૫/પૈકી ૧ ની ખેતીની જમીન ખાતા નં ૩૧૨ થી નવા સર્વે નંબર ૨૨૦ ની હે. આરે. ૨–૦૫–૩૮ ચો.મી. ના ક્ષેત્રફળની ખેતીની જમીન રેવન્યુ રેકર્ડમાં ચાલે છે, તે રીતે વાદીઓના નામે રેવન્યુ રેકર્ડમાં ચાલતી ખેતીની

જમીનની દક્ષિણમાં જુના સર્વે નંબર ૮૭ પૈકીની ખેતીની જમીન આવેલી છે, જે જમીનનો કબજો છેલ્લા તેત્રીસ વર્ષથી વાદીઓનો છે, તે જમીન સહિત ઉપર જણાવેલ ચતુ: દિશાવાળી તમામ ખેતીની જમીનમાં વાદીઓ ખેતી કરે છે અને તેનો સતત નિરંતર ખુલ્લેઆમ વિના અવરોધ અને શાંતિમય રીતે કાયદેસરનો કબજો ભોગવટો ધરાવે છે, જે હકીકત પ્રતિવાદી સહિત સૌ કોઈ જાણે છે.

(૧.૨) વધુમાં જણાવે છે કે, વાદીઓની દાવા અરજીમાં જણાવેલ વિગતે વાદી નં. ૧ ના કબજા, ભોગવટામાં આવેલ જુના સર્વે નંબર ૮૫ પૈકીની એટલે કે, નવા સર્વે નંબર ૨૧૯ તથા પ્રતિવાદીની જુના સર્વે નંબર ૮૭ પૈકીની જમીન સહિતની (નવા સર્વે નંબર–૨૧૧ તથા ૨૧૭) ને હે. આરે. ૦–૯૧–૭૨ ચો.મી.ના ક્ષેત્રફળની ખેતીની જમીનનો પણ સમાવેશ થાય છે, આ ખેતીની જમીનનો વાદીઓ તેઓના પિતાશ્રીના સમયથી એટલે કે, સને ૧૯૯૨થી છેલ્લા તેત્રીસ વર્ષ જેટલા લાંબા સમયથી સતત નિરંતર ખુલ્લેઆમ વિના અવરોધ શાંતિમય રીતે કબજો આવેલો છે, જે હે. આરે. ૦–૯૧–૭૨ ચો.મી. ના ક્ષેત્રફળની ખેતીની જમીન હાલના દાવાના વિષય વસ્તુની અને તેઓના એડવર્સ પઝેશનથ ખેતીની જમીન છે, જેની ચતુ: દિશામાં પૂર્વમાં:–પ્રતિવાદી ના નામે ચાલતી અને પ્રતિવાદીના કબજાની જુના સર્વે નં. ૮૭ પૈકીની બાકીની ખેતીની જમીન, પશ્ચિમમાં:–વાદી નં. ૨ ના કબજાની જુના સર્વે નં. ૮૭ પૈકીની ખેતીની જમીન,

ઉત્તરમાં:- વાદી નં. ૧ ના નામે રેવન્યુ રેકર્ડમાં ચાલતી જુના સર્વે નં. ૮૫ પૈકીની (નવા સર્વે નં. ૨૧૯) ની ખેતીની જમીન તથા દક્ષિણમાં:- વિસાવદરથી જૂનાગઢ તરફ જવાનો જાહેર મુખ્ય રસ્તો આવેલ છે.

(૧.૩) વધુમાં જણાવેલ છે કે, વાદી નં. ૨ ના કબજા, ભોગવટામાં આવેલ જુના સર્વે નં. ૮૫ પૈકીની (નવા સર્વે નં. ૨૨૦) તથા પ્રતિવાદીની જુના સર્વે નં. ૮૭ પૈકીની જમીન સહિતની (નવા સર્વે નં. ૨૧૧ તથા ૨૧૭) ની હે. આરે ૦-૦૮-૭૨ ચો.મી. ના ક્ષેત્રફળની ખેતીની જમીનનો પણ સમાવેશ થાય છે, આ ખેતીની જમીનનો તેઓના પિતાશ્રીના સમયથી એટલે કે, સને ૧૯૯૨થી છેલ્લા તેત્રીસ વર્ષ જેટલા લાંબા સમયથી સતત નિરંતર ખુલ્લે આમ વિના અવરોધે શાંતીમય રીતે કબજો આવેલો છે, જે હે. આરે. ૦-૦૮-૭૨ ચો.મી. ની ચતુ: દિશામાં પૂર્વમાં:- વાદી નં. ૧ ના કબજા ભોગવટાની ઉપરોક્ત પારામાં જણાવેલ ખેતીની જમીન, પશ્ચિમમાં- લાગુ જુના સર્વે નં. ૯૨/૧ પૈકીની તથા નવા સર્વે નં. ૨૨૦ ની ખેતીની જમીન, ઉત્તરમાં- વાદી નં. ૨ ના નામે રેવન્યુ રેકર્ડમાં ચાલતી જુના સરવે નં. ૮૫ પૈકી (નવા સર્વે નં.૨૨૦) ની ખેતીની જમીન તથા દક્ષિણમાં- વિસાવદરથી જૂનાગઢ તરફ જવાનો જાહેર રસ્તો છે. ઉપરોક્ત વિગતે જણાવેલ ખેતીની જમીનોનો વાદીઓનો છેલ્લા તેત્રીસ વર્ષથી કબજો, ભોગવટો છે, તેઓ તેમાં ખેતી કરે છે, જે હાલના દાવાની દાવાવાળી ખેતીની જમીન છે,

આ જમીનના રક્ષણ તથા વિજ્ઞાપન અને કાયમી તાકીદ વગેરે દાદ મેળવવા વાદીઓએ હાલનો દાવો કરેલ છે, આ દાવો ચાલતા દરમ્યાન પ્રતિવાદી દાવાવાળી ખેતીની જમીનના સંબંધમાં હસ્તાંતર કે હસ્તાંતર સ્વરૂપના કોઈ વ્યવહારો કે લખાણો કરે કે કરાવે નહીં વેચાણ દસ્તાવેજ કે અન્ય રીતે જમીનના સંબંધમાં કોઈ વ્યવહાર કરે કે કરાવે નહીં કે તેઓને તેઓના કબજા, ભોગવટાની ઉપરોક્ત વિગત વર્ણનવાળી ખેતીની જમીનમાં ખેતી કરતા કોઈપણ પ્રકારે અડચણ અવરોધ કરે કે કરાવે નહીં કે ખેતી કામ કરવામાં અટકાવે નહી, તેઓનો દાવાવાળી જમીનનો કબજો બળજબરીથી પડાવી લ્યે નહીં તેવી પ્રતિવાદી સામે દાવો ચાલતા દરમ્યાન કામચલાઉ મનાઈ હુકમની દાદ છે, તેમજ વાદીઓની દાવા અરજીની વિગતે વાદીઓનો પ્રથમ દર્શનીય પુરતો અને મજબૂત કેસ છે, આ ખેતીની જમીનોનો તેઓનો છેલ્લા તેત્રીસ વર્ષ જેટલા લાંબા સમયથી કાયદેસરનો કબજો, ભોગવટો છે, જેથી વાદીઓનો પ્રાઈમાફેસી કેસ છે, સગવડતાની સમતુલાની દ્રષ્ટિએ કેસ વાદીઓની ફેવરમાં છે, દાવાવાળી ખેતીની જમીન છેલ્લા તેત્રીસ વર્ષથી વાદીઓના કબજા, ભોગવટામાં છે, તેમાં ખેતી કરે છે, પ્રતિવાદી તેઓને આ જમીનમાં ખેતી કામ કરતા અટકાવે કે અડચણ અવરોધ કરે બળજબરીથી કબજો પડાવી લ્યે કે આ ખેતીની જમીનના સંબંધમાં કોઈ હસ્તાંતર કે હસ્તાંતર સ્વરૂપના વ્યવહારો કે લખાણો કરે તો તેનાથી તેઓને ઘણી

મોટી હાડમારી હેરાનગતિ અને અગવડતા થાય તેમ છે, જયારે પ્રતિવાદીને કોઈ અગવડતા થાય તેમ નથી, તથા પ્રતિવાદી ઉપરોકત દાવાવાળી ખેતીની જમીનમાં તેઓને અડચણ અવરોધ કરે કે ખેતીકામ કરતા અટકાવે હસ્તાંતર કે હસ્તાંતર સ્વરૂપના કોઈ વ્યવહારો કે લખાણો કરે તો તેનાથી મલ્ટિપ્લિકેશન્સ ઓફ લીટીગેસન્સ અને બિનજરૂરી વિવાદો ઊભા થાય તેમ છે, તેનાથી તેઓને નાણામાં ન પૂરી શકાય તેવું પારાવાર નુકસાન થાય તેમ છે, પ્રતિવાદીને કોઈ નુકસાન થાય તેમ નથી તેમ જણાવી, વાદીઓના લાંબા સમયના કબજા, ભોગવટાની ખેતીની જમીનમાં પ્રતિવાદી કે તેના માણસો નોકરો કે એજન્ટો વાદીઓને ખેતીકામ કરવામાં અડચણ અવરોધ કે અટકાયત કરે નહીં કે આ ખેતીની જમીનોનો વાદીઓનો કબજો, ભોગવટો બળજબરીથી પડાવી લ્યે નહી, આ જમીનોના સંબંધમાં હસ્તાંતરના કે હસ્તાંતર સ્વરૂપના કોઈ પણ વ્યવહારો કે લખાણો કરે કે કરાવે નહીં તેવો દાવો ચાલતા દરમ્યાન પ્રતિવાદી સામે કામ ચલાઉ મનાઈહુકમ આપવા અરજ ગુજારેલ છે.

(૨) આ કામના પ્રતિવાદીને દાવાનો સમન્સ તથા મનાઈ હુકમની અરજીની નોટિસ ઈસ્યું કરતા, પ્રતિવાદી તરફે વિ. વ. શ્રી ડી. આર. અભાણી હાજર થયેલ. તેઓએ આંક ૧૧ થી વાદીના દાવા અરજી તથા વચગાળાની મનાઈ હુકમની અરજી સામે વાંધા જવાબ રજુ કરવામાં આવેલ છે, જેમાં

પ્રતિવાદીએ વાદીઓના દાવા અરજીના તમામ કથનોનો ઈન્કાર કરી, ખરી હકીકતે જણાવેલ છે કે, દાવા પહેલા પક્ષકારો વચ્ચે દાવાવાળી જમીનના વિવાદ સબંધે હાલના પ્રતિવાદીએ વાદીઓ સામે તેઓએ કરેલ ગેરકાયદેસર દબાણ સબંધે અરજ અહેવાલો કરવામાં આવેલા હતા. તે અનુસંધાને તા. ૨૯/૧૦/૨૦૨૪ ના રોજ સર્કલ ઈન્સ્પેકટર, વિસાવદર દ્વારા પંચ રોજકામ દાવાવાળી જમીન ઉપર કરવામાં આવેલું હતું. તે પંચ રોજકામ મુજબ પણ પ્રતિવાદીની જમીનમાં વાદીઓ દ્વારા દબાણ કરેલ હોવાનું સ્પષ્ટપણે રેકર્ડ ઉપર આવેલ હોય, તે હકિકત પણ વાદીઓએ તેની હાલની દાવા અરજીમાં છુપાવેલી છે, તેમજ પ્રતિવાદી દ્વારા હાલના વાદીઓ સામે લેન્ડ ગ્રેબીગ એકટ નીચેનો કેસ કરવામાં આવેલો હતો અને તે કેસ ન . જમન/ઈફાઈલ/૦૨૭૪/૨૦૨૫ થી તા. ૨૯/૦૩/૨૦૨૫ થી રજીસ્ટર થયેલો અને તે અનુસંધાને મામલતદારશ્રી, વિસાવદર દ્વારા વાદીઓને જમીનની હદ માપણી અરજી કર્યાના આધારો બે દિવસમાં રજુ કરવા સ્પષ્ટ નોટિસ કરેલી હતી, તે હકિકત પણ વાદીઓએ હાલના દાવામાં છુપાવેલ છે, હાલના વાદીઓ સામે આ અગાઉ પ્રતિવાદી દ્વારા લેન્ડ/૧/લેન્ડગ્રબીગ/રજી ૧૫૫/૨૦૨૪ ની અરજી કરેલી હતી, તેમાં પણ વાદીઓ દ્વારા ખુબ જ મહત્વની હકિકતો છુપાવેલ છે. તેમાં વાદીઓ દ્વારા સ્પષ્ટપણે કબુલાત આપવામાં આવેલી હતી કે, તેઓ તેમની જમીનની

માપણી કરાવીને જો પ્રતિવાદીની જમીનમાં કોઈ દબાણ નીકળશે તો તેઓ તે દબાણ દુર કરી આપીશે, તે અનુસંધાને જૂનાગઢ, કલેકટરશ્રી દવારા તેઓની લેન્ડ ગ્રેબીગની અરજીનો નિકાલ કરેલો હતો, પરંતુ વાદીઓ દવારા માપણી કરાવ્યા બાદ પણ સ્પષ્ટપણે દબાણ આવેલ હોવા છતાં અને દબાણ દુર કરવા માટે કબુલાત આપેલ હોવા છતાં, દબાણ દુર કરેલ ન હોય, તેથી પ્રતિવાદી દવારા સક્ષમ ઓથોરીટી સમક્ષ વારંવાર રજુઆતો કરવામાં આવેલી હતી અને વાદીઓ દવારા દબાણ દુર કરવામાં આવેલ ન હતું અને વાદીઓને સરકારી અધિકારીઓ છાવરતા હતા અને તેઓએ વાદીઓને સ્પષ્ટપણે જણાવેલ કે, 'તમો નામદાર કોર્ટમાં સાચો, ખોટો આ જમીનના વિવાદ સબંધે દાવો દાખલ કરી દયો અને દાવાની નકલ અમને રજુ કરી આપો તો અમો તેની અરજીઓ ફાઈલે કરી આપીશું અન્યથા અમારે નાછુટકે દબાણ દુર કરવાની ફરજ પડશે' તેવી સરકારી અધિકારીઓની સલાહ અને સુચના મુજબ હાલના વાદીઓએ હાલનો દાવો દાખલ કરી અને આ બાબતની તેઓને રજુઆત કરતા, તેઓની તમામ અરજીઓ મામલતદારશ્રી, વિસાવદર, પ્રાંત અધિકારીશ્રી, વિસાવદર કલેકટરશ્રી, વિસાવદર દવારા ફાઈલ કરી દેવામાં આવેલ છે. આ મહત્વની હકિકતો વાદીએ હાલના દાવામાં છુપાવેલ છે, વાદીઓએ સરકારી અધિકારીશ્રીઓ સાથે મિલાપીપણું કરી, વાદીઓ દવારા દબાણ કરેલ હોવા છતાં અને તેઓએ કબુલાત આપેલ હોવા

છતાં, તેઓને ન્યાય ન મળતા, તેઓએ મુખ્ય મંત્રીશ્રીને તેઓની અરજીઓ ખોટી રીતે ફાઈલ કરવામાં આવેલ હોય, તેથી લેખિતમાં ફરિયાદ અરજી ક્રમાંક ડબલ્યુ ટી સી/૨૦૨૫/૩૨૬૬/ તા. ૧૨/૦૫/૨૦૨૫ ના રોજ કરેલી હતી અને તે અનુસંધાને પણ આજદિન સુધી કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી, પ્રતિવાદી દ્વારા પ્રાંત અધિકારી, વિસાવદરને તા. ૧૯/૦૨/૨૦૨૫ ના રોજ વાદીઓ સામે તેઓએ આપેલ લેખીત બાંહેધરી મુજબની અમલવારી કરેલ ન હોય, દબાણ કરેલ જમીનમાંથી દબાણ દુર કરી, તેઓને સોંપેલ ન હોય અને ખોટી કબુલાત આપેલી હોય, તેથી તેઓની જમીન ગેરકાયદેસર પચાવી પાડેલી હોય, તે સબંધેની ફરિયાદ કરેલી. તે અનુસંધાને કોઈ કાર્યવાહી કરવાને બદલે તેઓએ વાદી સાથે મિલાપીપણું કરી, વાદીઓ પાસે ખોટો દાવો કરાવેલ હોય, આ હકિકત દસ્તાવેજી પુરાવાથી રેકર્ડ ઉપર આવેલ છે, જૂનાગઢ, ડિસ્ટ્રીકટ ઈન્સ્પેકટર, લેન્ડ રેકર્ડ કચેરી દ્વારા દાવાવાળી જમીનની કરવામાં આવેલી માપણી મુજબ વાદીઓએ સ્પષ્ટપણે પ્રતિવાદીની તેઓની કાયદેસરની ગામ નમુના નં. ૭/૧૨ માં આવેલ ક્ષેત્રફળવાળી જમીનમાં ૭૭૦૦ ચો. મી. ઓછી આવેલ હોવાનું અને આ જમીનનું દબાણ વાદીઓની જમીનમાં આવેલ હોવાનું સ્પષ્ટ માપણી રેકર્ડ ઉપર આવેલ હોવા છતાં, તે હકિકતોને નજર અંદાજ કરી, જૂનાગઢ, કલેકટરશ્રી, પ્રાંત અધિકારીશ્રી, વિસાવદર,

મામલતદારશ્રી, વિસાવદર દ્વારા વાદીઓએ આપેલ લેખિત કબુલાતથી વિપરીત નિર્ણયો આપીને અને તેઓની સાથે મિલાપીપણું કરી, તેઓ એક લાચાર અને અપંગ અને વયોવૃદ્ધ નિસહાય ખેડુતને હેરાન, પરેશાન કરવામાં આજદિન સુધી કોઈ કસર છોડેલી ન હતી અને જાણે કે કંઈ બાકી રહી ગયેલુ હોય, તેમ વિશેષ હેરાન પરેશાન કરવા અને દુ:ખ ત્રાસ આપવાના બદઈરાદાથી હાલનો ખોટી હકિકતો વાળો દાવો વાદીઓ દ્વારા લાવવામાં આવેલ છે અને આ દાવામાં પણ વાદીઓ દ્વારા રેકર્ડથી વિપરીત અને ખોટી હકિકતો જણાવેલી છે અને તેથી પણ દાવો તથા વચ્ચગાળાના મનાઈ હુકમની અરજી ચાલવા પાત્ર નથી. વાદીઓનો દાવો અને મનાઈ હુકમની અરજી બોનાફાઈડ તેમજ જેન્યુઈન નથી, તેમજ ખરી અને સત્ય હકીકતો જણાવેલ નથી કે કિલન હેન્ડથી સમન્યાયની દાદ માટે માંગણી નથી. દાવા સાથે રજુ કરેલા દસ્તાવેજો જેન્યુઈન અને લીગલ નથી, તેમજ હાલનો દાવો ચલાવવા કે તેનો ન્યાયીક નિકાલ કરવા પણ નામદાર કોર્ટને હકુમત નથી, વાદીઓએ એકબીજા સાથે મિલાપીપણું કરી અને તેઓએ કોલ્યુઝન કરી, તદન ખોટી હકિકતોવાળો દાવો લાવેલ છે, વાદીઓએ તેની દાવા અરજીમાં પ્રતિવાદી સામે માત્ર ને માત્ર આક્ષેપો અને કથનો કરેલા છે, પરંતુ કરવામાં આવેલા આક્ષેપો કે કથનો મુજબ વાદીઓ પાસે દાવા અજરીમાં જણાવેલી હકિકતે છેલ્લા ૩૩ વર્ષથી પ્રતિવાદીની

કાયદેસરની માલિકીની જમીનનો કબજો, ભોગવટો સતત અને નીરંતર ખુલ્લે આમ આવેલ હોવાના સબંધે કોઈ દસ્તાવેજી પુરાવાઓ રેકર્ડ ઉપર લાવેલ નથી, દાવા અરજીમાં કરવામાં આવેલા આક્ષેપો માત્ર ને માત્ર વાદીઓ તેનો બદ ઈરાદો પાર પાડવાના બદ આશયથી અને તેઓની પાસેથી ગેરકાયદેસર રીતે વાદીઓની ખેતીની જમીનનો ગેરકાયદેસર રીતે દબાણ કરી કબજો મેળવી લેવાના બદ ઈરાદાથી અને આવા ખોટા લીટીગેશનો ઉભા કરી, કરાવડાવી અને આ રીતે પ્રતિવાદી પાસેથી રકમ મેળવવા અને તેઓને આવી રીતે બ્લેકમેઈલ કરવાના ઈરાદાથી સમગ્ર દાવા અરજીમાં ખોટી હકિકતો તથા ખોટા મજકુરો જણાવી ખોટા આક્ષેપો કરેલા છે, પ્રતિવાદીની માંડાવડ ગામના સર્વે નં. ૨૧૧ ના ખાતા નં. ૧૪૮ જૂના સર્વે નં. ૮૭/અ/ પૈકી–૧ તથા સર્વે નં. ૨૧૭ ખાતા નં. ૧૪૮ જૂના સર્વે નં. ૮૭/અ/ પૈકી–૨, ની ખેતીની જમીન તથા વાદીઓ દવારા દાખલ કરવામાં આવેલ દાવો કે જેના જુના સર્વે નં. ૮૬ તથા જુના સર્વે નં. ૮૭ વાળી ખેતીની જમીન કે જે દાવાવાળી જમીન જણાવે છે. તે જ જમીન સબંધે વાદીઓએ પ્રતિવાદીની ખેતીની જમીનમાં દબાણ કરેલ હોય, તે સબંધે તેઓએ વાદીઓ સામે લેન્ડ ગ્રેબીગ એકટ નીચેની ફરિયાદ કરેલી હતી અને આ ફરિયાદ ચાલું હતી, તે દરમ્યાન ફરિયાદમાંથી પોતાનો બચાવ ઉભો કરવા હાલનો ખોટો દાવો કરેલ છે, જયારે લેન્ડ ગ્રેબીગની ફરિયાદ પેન્ડીંગ હોય,

ત્યારે આ સંજોગોમાં હાલાનો દાવો ચાલવા પાત્ર નથી, ઉપરોકત લેખિત વાંધા જવાબ તથા રજુ કરવામાં આવેલા દસ્તાવેજી પુરાવાઓ તથા હાલની વચ્ચગાળાની મનાઈ હુકમની અરજીની રૂબરૂ સુનાવણી વખતે જે મૌખિક રજુઆત કરવામાં આવે તે તથા કાયદાકીય જોગવાઈઓ ઉચ્ચ અદાલતોં દ્વારા પ્રસ્થાપિત કરવામાં આવેલા સિધ્ધાંતો અને ચુકાદાઓ વગેરેને ધ્યાને લઈ, વાદીઓની વચ્ચગાળાની મનાઈ હુકમની અરજી તથા દાવો ખર્ચ સહિત રદ કરવા અને પ્રતિવાદી સામે તદ્દન ખોટી હકિકતો વાળો દાવો તથા વચ્ચગાળાની મનાઈ હુકમની અરજી લાવેલા હોય, તેથી તેઓને થયેલ ખર્ચ વાદીઓ પાસેથી અપાવવા તથા ખોટી હકિકતો વાળો દાવો લાવેલા હોય, સિવિલ પ્રોસીઝર કોડની કલમ ૩૫ મુજબ સ્પે. હેવી કોસ્ટની રકમ રૂા. ૫,૦૦,૦૦૦/- વાદીઓ પાસેથી પ્રતિવાદીને અપાવવા માટે અરજ ગુજારેલ છે.

(૩) વધુમાં વાદીઓએ પ્રતિવાદીના જવાબ સામે તેઓના વિ.વ.શ્રી મારફતે આંક ૧૪ તથા આંક ૧૫થી કાઉન્ટર એફીડેવીટ રજુ કરવામાં આવેલા છે, જેમાં તેઓ તેમની દાવા અરજીની હકીકતનો વળગી રહી, ખરી હકીકત જણાવેલ છે કે, લેન્ડ ગ્રેબીંગની ફરિયાદ ખોટી રીતે દાખલ કરવામાં આવેલ હોય, તે રદ કરવામાં આવેલ હતી. આ કામના વાદીનો કબજો સતત, નિરંતર ચાલી આવેલ છે, તેમજ તે આ કામના પ્રતિવાદીની હાજરીમાં ચાલી આવેલ છે. તેમ

છતાં કોઈપણ પ્રકારે રોકટોક કરવામાં આવેલ ન હોય, સબબ તેઓ એડવર્ઝ પઝેશનથી માલીક બનેલ છે. વધુમાં આ કામના વાદીએ દાવાવાળી જમીનમાં ૧૭ વર્ષ પહેલા રીંગદાર કરાવેલ છે. ૧૬ વર્ષ પહેલા રીંગદારમાંથી પાણી મેળવવા પિશ્ચમ ગુજરાત વીજ કંપનીમાંથી વિન કનેકશન પણ મેળવેલ છે. તે હકીકત પણ આ કામના પ્રતિવાદી જાણતા હતા. આમ, આ કામના વાદીની દરમ્યાન મનાઇ અરજી મંજુર કરવા અરજ ગુજારેલ છે.

(૪) વધુમાં આ કામના વાદીઓ તથા પ્રતિવાદીની મૌખિક દલીલો સાંભળી.

(૫) વાદીઓ તરફે આંક ૪ થી માર્ક ૪/૧ થી માર્ક ૪/૭ સુધીના તથા પ્રતિવાદીઓ તરફે આંક ૧૨ થી માર્ક ૧૨/૧ થી માર્ક ૧૨/૧૩ સુધીના દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે, જે દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લીધા, તેમજ હાલની અરજીના નિરાકરણ માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત કરવામાં આવેલ છે.

-: મુદ્દાઓ :-

(૧) શું વાદીઓનો પ્રથમદર્શનીય કેસ છે?

(૨) શું બેલેન્સ ઓફ કન્વીન્યન્સ વાદીઓના લાભમાં છે?

(૩) શું વાદીઓને દરમ્યાન મનાઈ હુકમ ન આપવામાં આવે તો, નાણાથી ન ભરપાઈ થઈ શકે તેવું નુકશાન થાય તેમ છે?

(૪) શું હુકમ?

(૬) ઉપરોકત મુદ્દાઓ પરત્વેના મારા નિર્ણયના કારણો નીચે મુજબ છે.

(૧) હકારમાં

(૨) હકારમાં

(૩) હકારમાં

(૪) આખરી હુકમ મુજબ.

-:: કારણો ::-

(૭) મુદ્દા નં. ૧ થી ૩ ની સંયુકત ચર્ચા ::-

(૭.૧) આ કામે મુદ્દા નં.૧ થી ૩ ના એકબીજા સાથે સંલગ્ન હોય, જેથી હકીકતોનું પુનરાવર્તન ન થાય, તેમજ ન્યાયીક હેતુસર મુદ્દા નં.૧ થી ૩ ની ચર્ચા સંયુકતપણે કરવામાં આવે છે.

(૭.૨) આ કામના વાદી દવારા તેઓની દાવા અરજી તથા દરમ્યાન મનાઈ અરજીમાં તેઓ તથા પ્રતિવાદીઓના વડવાઓ વચ્ચે સને ૧૯૯૨ ની સાલમાં ભાગ પડી ગયેલા હોય, તેવી હકીકત જણાવવામાં આવેલ છે. તે માટે તેઓ નિ. ૪/૧ વાળા દસ્તાવેજ ઉપર આધાર રાખેલ છે. આ કામે વાદીએ રીંગદાર સને ૨૦૦૮ ની સાલમાં કરાવેલ હોય, તેવી હકીકત જણાવવામાં આવેલ છે. તેમજ તે માટે પિશ્ચમ વિજ કંપનીમાંથી વિજ કનેકશન મેળવવાની અરજી કરી વિજ કનેકશન મેળવેલ હોવાની હકીકત જણાવવામાં આવેલ છે. તે જ રીતે આ કામના પ્રતિવાદીએ પણ તેઓના દસ્તાવેજી પુરાવાઓમાં આ કામના વાદીનો કબજો ચાલી આવેલ હોય,

તે દર્શાવવા માટે પંચરોજકામની નકલ નિ. ૧૨/૨ થી રજુ કરવામાં આવેલ છે. જે પંચરોજકામ મુજબ વાદી પાસે રહેલ દાવાવાળી મિલકતનો કબજો ગેરકાયદેસરનો હોવાની હકીકત જણાવવામાં આવેલ છે. જયારે આ કામના વાદી દવારા તેઓની દાવા અરજી તથા દરમ્યાન મનાઇ અરજીમાં એવી હકીકત જણાવવામાં આવેલ છે કે, આ કબજો તેઓ પાસે આ કામના પ્રતિવાદીની જાણમાં હોવાની હકીકત જણાવે છે. આમ, ઉપરોકત હકીકત ઉપરથી એક વાત સ્પષ્ટ રીતે ફલીત થાય છે કે, આ કામના વાદી પાસે દાવાવાળી મિલકત ચાલી આવેલ છે. તેનો કબજો કાયદેસરનો છે કે ગેરકાયદેસરનો તે હકીકત પુરાવાનો વિષય છે. તેમજ તે કબજો આ કામના પ્રતિવાદીની જાણમાં સતત, નિરંતર ચાલી આવેલ છે કે કેમ? તે પણ પુરાવાનો વિષય છે. વાદી પાસે જયારે કબજો ચાલી આવેલ હોય, તેવી હકીકત સ્પષ્ટ રીતે ફલીત થતી હોય, ત્યારે વાદીના કબજાને પ્રોટેકશન મળવુ જોઇએ તેમ અત્રેની અદાલતનું નમ્રપણે માનવુ છે. મે જે દ્રષ્ટિબિંદુ કેળવેલ છે તે માટે અત્રેની અદાલત ૧૯૯૫ (૨) જી.એલ.આર. ૧૩૬૯, મનુભાઇ ભગાભાઇ પટેલ વિ. છીબાભાઇ રામભાઇ પટેલ, ના ચુકાદા ઉપર આધાર રાખેલ છે. જે ચુકાદામાં નામ. ગુજરાતની વડી અદાલત દવારા પ્રસ્થાપિત કરવામાં આવેલ છે કે,

> it is a well established principle of law that the person in possession of property is entitled to the protection of the Court

for safeguarding his possession, even if he were only a trespasser, against the entire world and he cannot be dispossessed except by due process of law. It was further submitted that by virtue of the well established doctrine of "possessory title", actual possession is a better title than that of all others except against the true owner.

(૭.૩) આમ, ઉપરોકત ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિંદધાત ધ્યાને લેતા નામ. ગુજરાતની વડી અદાલત દ્વારા જયારે વ્યકિત ખરેખર કબજામાં હોય, ત્યારે તેવા વ્યકિતના કબજાને રક્ષણ આપવુ જોઈએ, તેવો સિંદધાત પ્રસ્થાપિત કરવામાં આવેલ છે. તેમજ કબજો બળવાન ગણી શકાય તેવો પણ સિંદધાત પ્રસ્થાપિત કરેલ છે. તે જ રીતે નામ. સુપ્રીમ કોર્ટ દ્વારા પણ (૨૦૧૩) ૯ એસ.સી.સી. ૩૧૧ ના ચુકાદામાં પણ કબજો જેની પાસે હોય, તેના કબજાનું રક્ષણ કરવુ જોઈએ. હાલના કેસની ચર્ચા કરવામાં આવે તો આ કામના પ્રતિવાદી દ્વારા નિ. ૪/૨ થી પંચરોજકામ રજુ કરેલ છે, તે પંચરોજકામ આધારે આ કામના વાદી દાવાવાળી મિલકતના કબજેદાર હોવાનું ફલીત થયેલ છે. તેઓનો કબજો પ્રતિવાદીની જાણમાં હતો કે કેમ? તે પુરાવાનો વિષય છે. તેમજ તેઓ વિરૂદ્ધના કબજાથી માલીક થયેલ છે કે કેમ? તે પણ પુરાવાનો વિષય છે. આમ, તેઓનો કબજો હોય, તેઓ પ્રથમ દર્શનીય કેસ હોવાની હકીકત પ્રસ્થાપિત કરવામાં

સફળ રહેલા હોય, તેમ અત્રેની અદાલતનું નમ્રપણે માનવુ છે. સબબ મુદ્દા નં. ૧ નો ઉત્તર હકારમાં આપવામાં આવેલ છે. જો આ કામના વાદીના કબજાને રક્ષણ આપવામાં ન આવે અને વાદીનો કબજો કોઇપણ રીતે જતો રહે તો તેવા સંજોગોમાં તેઓ વિરૂદધના કબજાથી માલીક બનેલ હોય, તેવી હકીકત પ્રસ્થાપિત કરી શકે નહી, જેથી તેઓને કાયદા મુજબ વિરૂદધના માલીક બનેલ હોય, તો તેવા સંજોગોમાં તેઓના દિવાની અધિકાર ઉપર તરાપ પડે તેમ હોય, તેમ અત્રેની અદાલતનું નમ્રપણે માનવુ છે. તેવા સંજોગોમાં પણ તેઓનો પ્રથમદર્શનીય કેસ હોવાનું અત્રેની અદાલતનું નમ્રપણે માનવુ છે.

(૭.૪) વધુમાં જો આ કામના વાદીનો કબજો જ ન રહે તો તેવા સંજોગોમાં તેઓના દિવાની અધિકાર છીનવાઇ જાય તેમ હોય, જયારે આ કામના પ્રતિવાદી પાસે હાલમાં પણ દાવાવાળી મિલકતનો કબજો નથી, તેવા સંજોગોમાં તેઓને કોઇપણ રીતે પ્રેજયુડીશ થાય તેમ નથી. આમ, મિલકતનો કબજો છીનવાઇ જાય તો તેનાથી વાદીને ફેર પડે તેમ હોય, સબબ બેલેન્સ ઓફ કન્વીનીયન્સ પણ વાદીના લાભમાં હોય, તેમ અત્રેની અદાલતનું નમ્રપણે માનવુ છે. સબબ મુદ્દા નં. ૨ પણ વાદી પુરવાર કરી શકેલા હોય, તેમ અત્રેની અદાલતનું નમ્રપણે માનવુ છે. તેમજ જો આ કામના વાદીનો દાવાવાળી મિલકતનો કબજો પ્રોટેકટ કરવામાં ન આવે તો તેવા સંજોગોમાં જો વાદી દાવાના અંતે વિજયી બને તો તેવા

સંજોગોમાં તેઓને નાણાંથી ભરપાઇ ન થઈ શકે તેવુ ગંભીર નુકશાન થવાની પણ સંભાવના રહેલ હોવાનું અત્રેની અદાલતનું નમ્રપણે માનવુ છે. સબબ વાદી મુદ્દા નં. ૩ પણ પુરવાર કરવામાં સફળ રહેલા હોય, તેમ અત્રેની અદાલતનું નમ્રપણે માનવુ છે. સબબ મુદ્દા નં. ૩ પણ વાદી પુરવાર કરી શકેલા હોય, સબબ મુદ્દા નં. ૩ નો ઉત્તર પણ હકારમાં આપવામાં આવેલ છે.

(૮) આમ, ઉપરોકત કરેલ ચર્ચાને અંતે આ કામના વાદી મુદ્દા નં. ૧ થી ૩ પુરવાર કરી શકેલા હોય, સબબ મુદ્દા નં. ૧ થી ૩ નો ઉત્તર હકારમાં આપી મુદ્દા નં. ૪ લગત આખરી હુકમ નીચે મુજબ ફરમાવવામાં આવે છે.

-: હુકમ :-

(૧) વાદીની હાલની અરજી મંજુર કરવામાં આવે છે.

(૨) આ કામના વાદી નં. ૧ ની પાસે રહેલ જુના સર્વે નંબર ૮૫ પૈકીની એટલે કે, નવા સર્વે નંબર ૨૧૯ તથા પ્રતિવાદીની જુના સર્વે નંબર ૮૭ પૈકીની જમીન સહિતની (નવા સર્વે નંબર-૨૧૧ તથા ૨૧૭) ને હે. આરે. ૦-૯૧-૭૨ ચો.મી.ના ક્ષેત્રફળની ખેતીની જમીન તથા વાદી નં. ૨ પાસે રહેલ જુના સર્વે નં. ૮૫ પૈકીની (નવા સર્વે નં. ૨૨૦) તથા પ્રતિવાદીની જુના સર્વે નં. ૮૭ પૈકીની જમીન સહિતની (નવા સર્વે નં. ૨૧૧ તથા ૨૧૭) ની હે. આરે ૦-૦૮-૭૨ ચો.મી. વાળી જમીનમા પ્રતિવાદી કે તેમના માણસો, નોકરો કે એજન્ટો,

વાદીઓને ખેતી કામ કરતા અડચણ, અવરોધ કે અટકાયત કરે કરાવે નહી, વાદીનો કબજો બળજબરીથી પડાવી લે નહી, તેમજ જમીનના સંબધમાં હસ્તાંતરના કે હસ્તાંતર સ્વરૂપના કોઈપણ વ્હેવારો કે લખાણો કરે કરાવે નહી, તેવો દાવો ચાલીને પુરો ન થાય ત્યાં સુધી વાદીના લાભમાં અને પ્રતિવાદીની વિરૂધ્ધમાં દરમ્યાન મનાઈ હુકમ ફરમાવવામાં આવે છે.

(૨) ખર્ચ આખરી પરિણામને અનુસરતો હોય, ખર્ચ લગત કોઈ હુકમ ફરમાવવામાં આવેલ નથી.

હુકમ આજરોજ તા. ૧૨ મી માહે જાન્યુઆરી સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

તારીખ : ૧૨/૦૧/૨૦૨૬

જુનાગઢ.

DIPESHKUMAR MADHUSUDAN CHAMPANERIYA

Digitally signed by DIPESHKUMAR MADHUSUDAN CHAMPANERIYA
Date: 2026.01.12 15:17:08 +0530

(દિપેશકુમાર મધુસુધદન ચાંપાનેરીયા)
ત્રીજા એડી. સીનીયર સીવીલ જજ અને
એડી. ચીફ જયુ. મેજી., જુનાગઢ.
કોડ નં. ૦૧૧૭૭